ફોજદારી પરચુરણ અરજી નં. ૬૦૦/૨૦૨૪

**<u>આંક–૧ લગત હુકમ</u>**

(૧) અરજી વંચાણે લીધી. દલીલો સાંભળી. અરજી વંચાણે લેતા તેમા કોગ્નીઝેબલ ગુન્હો હોય (પોલીસ અધિકારનો) તેવા આક્ષેપો કરેલા છે. અરજી સોંગદ ઉપર કરી છે. અરજી અંગેની પ્રથમ ફરીયાદ પોલીસ અધિક્ષકશ્રી જીલ્લો ગીર–સોમનાથ નાઓને તા. ૧૨.૦૮.૨૦૨૪ ના રોજ પણ કરી છે.નામ. સર્વોચ્ચ અદાલતે લલીતાકુમારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉતર પ્રદેશના ચુકાદામા કોગ્નીઝેબલ ગુન્હા અંગે સિધ્ધાંત સ્થાપિત કરેલ છે. તેથી, આખરી આદેશ કરતા પહેલા નીચેનો મુજબનો જરૂરી આદેશ પસાર કરવામાં આવે છે.

**–:: જરૂરી આદેશ ::–**

- અરજદાર વિજયભાઈ ફોફંડીની તા. ૧૨.૦૮.૨૦૨૪ વાળી પોલીસ અધિક્ષક જિલ્લો ગીર–સોમનાથવાળી ફરીયાદી અંગે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા લલીતાકુમારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉતર પ્રદેશમા સ્થાપિત સિધ્ધાંત મુજબ અગર તો કરેલી કાર્યવાહી મુજબ અત્રેની અદાલતમા લેખિતમા જવાબ રજુ કરવો.

આજ તા. ૩જી, માહે–જાન્યુઆરી, સને–૨૦૨૬ ના રોજ મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ– ૦૩/૦૧/૨૦૨૬
સ્થળઃ– વેરાવળ

(પ્રીતેશ યુ. અંધારીયા)
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વેરાવળ